# ગુજરાત સમાચાર

Date: 13 November, 2018 Page #01 (Plus Edition)


CESI ફ્રાંસ અને IIT RAMના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા વર્કશોપમાં ડૉ. શ્રીની કાવેરીએ કહ્યું કે,

## ફ્રાન્સ અને યુરોપિયન યુનિયનમાં સંશોધન માટેની ઈન્ટર્નશીપમાં ઘણી તકો રહેલી છે

મણિનગરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ આઈઆઈટી-રામ ખાતે (સીઈએસઆઈ) ફ્રાંસ અને આઈઆઈટી-રામના સંયુક્ત ઉપક્રમે દ્વિ-પક્ષીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય અતિથિ તરીકે ફ્રાન્સની (સીઈએસઆઈ) સ્કૂલ ઓફ એન્જિનિયરિંગના પ્રોફેસર સ્ટિફની બ્યુઝાઈન અને (સીએનઆરએસ) ઓફિસ ઓફ ઈન્ડિયા ફ્રાન્સના દૂતાવાસના ડાયરેક્ટર ડૉ. શ્રીની કાવેરી હાજર રહ્યા હતા. સંશોધનક્ષેત્રે અને ઈન્ટર્નશીપ વિશે વાત કરતાં ડૉ. શ્રીની કાવેરીએ કહ્યું કે, ફ્રાન્સ અને યુરોપિયન યુનિયનમાં સંશોધન ક્ષેત્રે અને ઈન્ટર્નશીપમાં તકો ખૂબ જ છે. ભારત અને ફ્રાન્સ બન્ને દેશ સંશોધન ક્ષેત્રે વધારે કામ કરી રહ્યા છે. ફ્રાન્સ અને યુરોપના દેશ સંશોધન કાર્યને વધુ પ્રમાણમાં મહત્વ આપતા હોય છે. સ્ટુડન્ટસને સ્કૂલમાં વિશિષ્ટ સંશોધનો કરવા માટે તેમણે પ્રોત્સાહિત કરવામાં આવતા હોય છે. હાલના સમયમાં સ્ટુડન્ટસ ક્રિએટિવિટી સાથે કામ કરે તો તેની ફ્યુચરમાં ઘણો જ લાભ મળતો હોય છે. ક્રિએટિવિટી સંશોધન કરવાથી સ્ટુડન્ટસના આત્મવિશ્વાસમાં પણ વધારો થાય છે જે આવનારા સમય માટે ખૂબ જ ઉપયોગી બની રહે છે. વર્કશોપમાં સ્નાતક અને અનુસ્નાતક સ્ટુડન્ટસે ભાગ લીધો હતો. વર્કશોપથી સ્ટુડન્ટ અભ્યાસની સાથે રચનાત્મક ક્રિએટીવીટી કામ કરી શકે અને વિશિષ્ટ સંશોધનમાં તેનો ઉપયોગ કરીને કંઈક નવું સંશોધન કરી શકે તે માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સંશોધન માટે ક્રિએટિવિટી જરૂરી છે



જરૂરિયાત એ સંશોધનની જનેતા છે અને સંશોધન કરવા માટે ક્રિએટિવિટી ખૂબ જરૂરી છે. સ્ટુડન્ટસ ઈનોવેટિવ સ્ટ્રેટજીમાં વિશિષ્ટ તકનીકથી સંશોધન કરી શકે છે. પ્રોડક્ટ પ્રમાણે નવી ક્રિએટિવિટી આઈડીયા સાથે સંશોધનમાં આગવું પ્રદાન આપી શકે છે જે આવનારી પેઢી માટે ઉપયોગી થઈ શકે છે. ઓછા સમયમાં ક્રિએટિવિટી કામ કરીને લાંબાગાળા સુધી લાભ લઈ શકાય છે. - સ્ટિફની બ્યુઝાઇન, ફ્રાન્સ

